ફોજદારી કેસ નંબર ૧૯૭/૨૦૧૮

**બચાવપક્ષની આંક-૭૧ની પુરાવાનો હકક ઓપન કરવાની અરજી લગત હુકમ**

૧. હાલની અરજીમાં બચાવપક્ષે ગત મુદત તારીખ ૧૨/૮/૨૦૨૫નાં રોજ પુરાવાનો હકક બંધ કરેલ છે તે હકક ખુલ્લો કરવા અરજી આપેલ છે. તે અંગે રેકર્ડ ઉપરના એડવોકેટશ્રીએ અઢી માસ પહેલા બાળકનો જન્મ થયેલ હોય જેથી કોર્ટ સમક્ષ હાજર રહી કાર્યવાહી કરવા પુરતા સક્ષમ ન હોય પંદર થી વીસ દીવસ પછી જરૂરથી કાર્યવાહી કરીશુ જેથી આરોપીનો પુરાવો હકક ખોલી આપવા અંગે હુકમ કરવા અરજ કરેલ છે.

૨. જે લગત ફરીયાદપક્ષે અરજી તળે શેરો કરી જણાવેલ છે કે, ''કેસ ઘણો જુનો છે. આરોપીને તેના બચાવ માટે ઘણી તક આપવામાં આવેલ છે અને આંક-૬૬થી હકક બંધ કરેલ છે અને આરોપી એન કેન પ્રકારે કેસ લાંબાવતા હોય, સદરહુ અરજી રદ કરવા જણાવેલ છે.

3. બંને પક્ષોની રેકર્ડ ઉપરની ઉપરોકત રજુઆત ધ્યાને લીધી. હાલના કેસનો કેસ રેકર્ડ વંચાણે લેતા એ હકીકત નિર્વિવાદીત છે કે,આ કામના ફરીયાદીએ પોતાનો પુરાવો **તા.૦૪/૧૨/૨૦૨૧**ના રોજ **આંક-૪૫**ની કલોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કર્યા બાદ આ કામે આજદિન સુધી બચાવપક્ષે પોતાનો પુરાવો રજુ રાખવા માટે **તા. ૨૫/૦૩/૨૦૨૨**ના રોજ નોંધવામાં આવેલ પોતાના વિશેષ નિવદેનમાં તેઓ સોગંદ ઉપર જુબાની આપવા તેમજ બચાવના સાહેદો તપાસવા તેમજ વિશેષમાં કંઈ કહેવુ છે તેમાં પુરાવો રજુ કરવો છે તેવુ જણાવેલ છે. ત્યારબાદથી આજ દિન સુધી **આંક-૪૮**ની **તા.૨૭/૦૫/૨૨**ના રોજ સાક્ષી તપાસવાની અરજી મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ નામંજુર કરેલ છે. ત્યારબાદ આરોપીએ **આંક-૫૦** થી **તા.૨૭/૦૫/૨૨**ના રોજ પોતાની સોગંદ ઉપરની જુબાની રજુ રાખેલ છે. ત્યારબાદ બચાવપક્ષે **તા.૦૬/૦૮/૨૦૨૪**ના રોજ **આંક-૫૬**થી સાક્ષી તપાસવાની અરજી લગત **તા.૧૨/૦૩/૨૦૨૫**ના રોજ હુકમ કરી મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ સાક્ષીને સમન્સ કરવાનો હુકમ કરેલ ત્યારબાદ બચાવપક્ષે ગુજારેલ અરજ પરત્વેના સાહેદને ધોરણસર સમન્સની બજવણી થયેલ હોવા છતા પણ હાલના કામે સદર સાહેદને ન તપાસવા અંગે અથવા તો તપાસવા અંગે કોઈ

એડી.ચીફ.જયુડી.મેજી. હળવદ

લેખિત અરજ બચાવપક્ષે ગુજારેલ નથી. ત્યારબાદ નાછુટકે સદર કેસ સને ૨૦૧૮ના વર્ષનો ટારગેટેડ કેસ હોય જેથી અત્રેની અદાલત દ્વારા સમગ્ર રેકર્ડ ધ્યાને લઈ,બચાવપક્ષનો પુરાવો સને ૨૦૧૯ થી સને ૨૦૨૫ સુધી પુરતી ન્યાયિક તકો આપવા છતા પણ આશરે ૫ વર્ષ કરતા વધુ સમયથી સદર કેસ બચાવપક્ષના પુરાવાના સ્ટેટે પડતર રહેલ છે. જે જોતા,બચાવપક્ષના કસુરના કારણે હાલનો કેસ આટલા લાંબા સમયથી બચાવપક્ષના પુરાવાના સ્ટેજે પડતર રહેલ હોવાથી અત્રેની અદાલતે તેઓનો પુરાવાનો હકક બંધ કરેલ પરંતુ કેસનો ગુણદોષ પર ન્યાયિક નિર્ણય થાય તો ન્યાયનો હેતુ જળવાઈ રહે સાથોસાથ અત્રેની અદાલતની એ પણ જોવાની ફરજ છે કે હાલનો કેસ ટારગેટેડ કેસ છે અને તેમાં બચાવપક્ષને ૫ વર્ષ ઉપરાંતનો પુરતો વ્યાજબી અને ન્યાયિક સમય પોતાનો પુરાવો રજુ કરવા માટે આપેલ છે છતાં પણ એક અંતિમ તક સ્વરૂપે ફરીયાદપક્ષનો કેસ બચાવપક્ષના કસુરના કારણે વિલબીત થયેલ હોય જેથી ન્યાયના વિશાળહિતમાં બચાવપક્ષનો પુરાવાનો હકક ખોલવા અંગે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયી માનુ છુ.

::હુકમ::

આરોપીએ તા.૧૭/૦૨/૨૦૨૬ કે તે પહેલા આ કામના ફરીયાદીને રૂપિયા ૧૦,૦૦૦/- કોસ્ટ ચુકવ્યેથી હવે પછીની મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ પોતાનો પુરાવો અચુક રજુ રાખવાની શરતે ન્યાયના વિશાળહિતમાં બચાવપક્ષનો હકક ઓપન કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

10/02/26.

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,હળવદ
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

સ્થળ– હળવદ
તારીખ:– ૧૦/૦૨/૨૦૨૬

એડી.ચીફ.જ્યુડી.મેજી. હળવદ